# સિદ્ધરાજ જયસિંહના સમયની રાજકીય અને સાંસ્કૃતિક સ્થિતિ
## (ઈ.સ. 1094 થી ઈ.સ. 1143)

**ડૉ. દક્ષા પી. પટેલ**
શ્રી પી. એચ. જી. મ્યુ. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, કલોલ, જિ.ગાંધીનગર.

---

સિધ્ધરાજ જયસિંહ એ સોલંકીવંશનો સહુથી પ્રતાપી અને સૌથી લોકપ્રિય રાજવી હતો. જયસિંહ કર્ણદેવ તથા મયણલ્લદેવીનો પુત્ર હતો. કર્ણદેવને એ પુત્ર લક્ષ્મીદેવીની ઉગ્ર આરાધના વડે પ્રાપ્ત થયેલો એવું હેમચંદ્રાચાર્ય નિરૂપે છે. પ્રબંધ ચિંતામણિ જણાવે છે કે જયસિંહ ત્રણ વર્ષનો થયો ત્યારે કર્ણદેવે એનો રાજ્યાભિષેક કર્યો ને પોતે કર્ણાવતીમાં રહી રાજ્ય કરવા લાગ્યો. પરંતુ હેમચંદ્ર જણાવે છે તેમ જયસિંહના રાજ્યાભિષેક એ પુખ્ત વયનો થયો ને મલ્લવિદ્યા, ગજયુદ્ધ તથા શસ્ત્રવિદ્યામાં નિપુણ થયો ત્યારે થયો હોવો જોઈએ ત્યારે ઓછામાં ઓછાં સોળ વર્ષનો હોવો જોઈએ. પ્રબંધચિંતામણિમાં જણાવ્યા મુજબ એ વિ. સં. 1150 (ઈ.સ.1094)માં ગાદીએ આવ્યો.

❖ **સિધ્ધરાજ જયસિંહની રાજકીય સિધ્ધિઓ**

- સોરઠ પરનો વિજય (જૂનાગઢ)

સોરઠના ચૂડાસમા વંશની રાજધાની જૂનાગઢમાં હતી. ચૂડાસમા વંશના રાજાઓ સૌરાષ્ટ્રમાં સહુથી પ્રબળ હતા. આથી ચુડાસમાઓ અને સોલંકીઓ વચ્ચે અવાર-નવાર ઘર્ષણ થયા કરતું. સિધ્ધરાજે જૂનાગઢના રાજા રા'નવઘણને ગુજરાતના જ કોઈ ભાગમાં હરાવ્યો હતો અને તેનું અપમાન કર્યું હતું તેથી રા'નવઘણે પાટણનો દરવાજો તોડવાની પ્રતિજ્ઞા લીધી હતી. પરંતુ રા'નવઘણ મૃત્યુ પામ્યો તેથી તેના નાના પુત્ર રા'ખેંગારે પ્રતિજ્ઞા પૂરી કરવા માથે લીધું એવું ભાટ ચારણોની અનુસૂચિ જણાવે છે. એક વખત જયસિંહ માળવા ગયો ત્યારે રા'ખેંગારે પાટણ જઈ ત્યાંનો પૂર્વ દરવાજો તોડી પાડ્યો. વળી રાણકદેવી નામે એક સુંદર કન્યા, જેનું વેવિશાળ જયસિંહદેવ સાથે થયું હતું તેને રા'ખેંગાર ઉપાડી જઈ પરણી ગયો. આથી જયસિંહને ક્રોધ આવ્યો અને જયસિંહદેવે માળવાથી પાછો ફરી સોરઠ પર આક્રમણ કર્યું. દંતકથા પ્રમાણે બાર વર્ષ સુધી લડાઈ ચાલી, પરંતુ કોઈ પરિણામ આવ્યુ નહીં છેવટે એવું બન્યું કે રા'ખેંગારના ભાણેજ દેશળ-વિશળને ફોડીને સોલંકી સૈન્યે ઉપર કોટમાં પ્રવેશ કર્યો. જૂનાગઢનું પતન થયું. ખેંગાર હાર્યો અને

મરાયો. રાણકદેવીને સિદ્ધરાજે પોતાના કબજામાં લીધી, પરંતુ માર્ગમાં જ વઢવાણ પાસે તે સતી થઈ.

જયસિંહદેવે સોરઠ જીતીને ત્યાં દંડનાયક તરેક સજ્જન મંત્રીની નિમણૂક કરી. આ વિજય મેળવીને સિધ્ધરાજે ભગવાનશ્રી સોમનાથની યાત્રા કરી હતી. આ મહાન અને નોંધપાત્ર વિજયની યાદમાં જયસિંહદેવે સિંહ સંવત શરૂ કર્યો. સૌરાષ્ટ્રના કેટલાક લેખોમાં જણાતો આ સિંહ સંવત વિ.સં. 1170થી શરૂ થતો હોઈ જયસિંહદેવે સોરઠ જીત્યાનો બનાવ એ વર્ષે (ઈ.સ.1114માં) બન્યો ગણાય. સિધ્ધચક્રવર્તી જયસિંહદેવ હવે સિધ્ધરાજ જયસિંહના નામથી જાણીતો થયો.

❖ **માળવા પરનો વિજય**

પ્રબંધ ચિંતામણિમાં સિધ્ધરાજની માળવા પરની ચઢાઈનું વર્ણન આ પ્રમાણે કરવામાં આવ્યું છે.

"પોતે પાટણમાં ગેરહાજર હતો ત્યારે નરવર્માએ ગુજરાતમાં આવી જે રંજાડ કરેલી તેથી પોતાને ચડેલા ક્રોધના આવેગમાં જ સિધ્ધરાજે બધી તૈયારીઓ કરી ધારા પર ચડાઈ કરી. ધારા આગળ બાર વર્ષ લડાઈ થઈ, પરંતુ સિધ્ધરાજનો જય ન થયો." હેમચંદ્ર આમાં ઉમેરો કરતાં લખે છે કે "જયસિંહ લશ્કર લઈ પ્રદેશો પોતાને તાબે કરતો રોજ આઠ આઠ માઈલની મજલ કાપતો માળવા તરફ આગળ ચાલ્યો. રસ્તામાં ભીલો જયસિંહની સેવા કરવા લાગ્યા, પછી સિપ્રા નદીને કાંઠે પહોંચી ત્યાં પડાવ નાખ્યો અને ધારાના કોટને તોડવાનો જયસિંહે ખૂબ પ્રયત્ન કર્યો માળવાના સૈનિકો કોટનું રક્ષણ કરવા લાગ્યા. રાજા ત્યારબાદ ધારાદુર્ગમાં ભરાયો જયસિંહે દુર્ગ તોડ્યો અને રાજા તથા તેના સહાયકોને કેદ કર્યા."

આ ચઢાઈમાં બાર વર્ષ વીત્યાં હતાં. તેવું પ્રબંધચિંતામણીમાં કહ્યું છે, પરંતુ ઐતિહાસિક દ્રષ્ટિએ વિચારતાં પાંચ-છ થી વધુ વર્ષ આવા બનાવને ન આપી શકાય. વિ.સં. 1193ના લેખમાં સિધ્ધરાજને 'અવંતિનાથ'નું બિરૂદ આપવામાં આવ્યું છે. આથી પણ પહેલાંના એક પુસ્તકમાં વિ.સં. 1192 (ઈ.સ. 1136) સિધ્ધરાજને અવંતિનાથ તરીકે ઓળખાવવામાં આવ્યો છે. તેથી આપણે કહી શકીએ કે સિધ્ધરાજનો માલવાવિજય ઈ.સ.1136માં થયો હોવો જોઈએ.

માળવાના રાજાને સિધ્ધરાજે કેદ કર્યો હતો અને સોમેશ્વરનાં વચનોને સ્વીકારીએ તો, તેની રાણીઓને પણ તેણે કેદ કરી હતી. પછી સિધ્ધરાજ આ રાજવીને પાટણ લઈ ગયો હતો. પાછળથી માળવાના આ રાજા યશોવર્માનું શું થયું તેની માહિતી આપણને ઉપલબ્ધ નથી.

આ વિજયથી માળવાના ઘણા ભાગની સાથે ચિતોડનો કિલ્લો તથા માળવા અને ગુજરાતની સાથે જોડાયેલા મેવાડ, ડુંગરપુર અને વાંસવાડાના પ્રદેશો પણ સિધ્ધરાજના હાથમાં આવ્યા હોય તેમ ઐતિહાસિક પુરાવાઓથી સ્પષ્ટ જણાય છે, આ પ્રદેશ પરના વિજય પછી સિધ્ધરાજે આ પ્રદેશ પોતાના નાગર મહામાત્ય દાદકના પુત્ર મહાદેવને સોંપ્યો હતો અને દંડાધિપતિ તરીકે તેની નિમણૂંક કરી હતી.

માલવ-વિજયથી સિધ્ધરાજ જયસિંહ ઘણા પ્રતાપી રાજવી તરીકે ખ્યાતિ પામ્યો. એ વિજયથી ભોજ રાજાનો પ્રસિધ્ધ ગ્રંથભંડાર પાટણ આવ્યો. પ્રભાવકચરિતમાં જણાવ્યા મુજબ એ ગ્રંથભંડારમાંનું 'ભોજ વ્યાકણ' જોઈ સિધ્ધરાજને હેમચંદ્રાચાર્ય પાસે એવું વ્યાકરણ તૈયાર કરાવવાની પ્રેરણા મળી. હેમચંદ્રાચાર્યએ સિધ્ધહેમ 'શબ્દાનુશાસન' નામે નવું વ્યાકરણ તૈયાર કર્યું. રાજાએ એની હાથી પર સવારી કાઢી એનું બહુમાન કર્યું ને એની નકલો કરી સર્વત્ર મોકલી આપી. આમ માળવાના વિજયે આનુષંગિક રીતે ગુજરાતને વિદ્યા અને સાહિત્યના ક્ષેત્રોમાં પણ નામના અપાવી.

❖ **સિંધુરાજનો પરાજય**

દાહોદના શિલાલેખમાં જયસિંહદેવે સુરાષ્ટ્ર અને માલવના રાજાઓના પરાભવ ઉપરાંત સિંધુરાજ વગેરે રાજાઓનો નાશ કર્યાનો ઉલ્લેખ આવે છે. સિંધુરાજ કોણ એ એક પ્રશ્ન છે. લાટનો મંડલેશ્વર ચાહમાન શંખ, જે વસ્તુપાલનો સમકાલીન હતો, તેના પિતા સિંધુરાજ એ આ સિંધુરાજ હોવાનું સૂચવાયું છે. પરંતુ વસ્તુપાલનનો સમય જોતાં શંખના પિતાનો સમય આટલો વહેલો ભાગ્યે જ હોઈ શકે. મરુમંડલના પરમાર વંશના રાજા સોમેશ્વરે જયસિંહ દેવની મદદથી સિંધુરાજપુર પાસું મેળવ્યાનું કિરાડુના શિલાલેખમાં જણાવ્યું છે. તે રાજા સોમેશ્વરને અહીં 'સિંધુરાજ' ગણ્યો હોવાનું સૂચવાયું છું.

❖ **બર્બરક સાથે યુદ્ધ**

દ્રયાશ્રયમાં વર્ણવવામાં આવેલું સિધ્ધરાજનું પ્રથમ પરાક્રમ તેના બર્બરક યુધ્ધને લગતું છે. આ બર્બરક પ્રજાને ખૂબ ત્રાસ આપતો હતો. તેથી તેનો સંહાર કરવા પ્રજાએ સિધ્ધરાજને વિનંતી કરી. દ્રયાશ્રયના વર્ણન પ્રમાણે આ બર્બરક સિધ્ધપુર સુધી આવી પહોંચ્યો હતો. જયસિંહ લશ્કર લઈ તેની સામે જાય છે. જયસિંહ અને બર્બરક વચ્ચે દ્વન્દ્વયુદ્ધ થાય છે અને જયસિંહ તેમાં બર્બરકને હરાવે છે અને કેદ પકડે છે ત્યારે પછી બર્બરકની પત્નીની વિનંતિથી જયસિંહ તેને મુક્ત કરે છે અને ત્યારબાદ તે જયસિંહનો વફાદાર સેવક બની રહે છે. સૌરાષ્ટ્ર અને માળવા સાથેના યુદ્ધમાં તે જયસિંહને ઘણી મદદ કરે છે. વિવિધ ઉલ્લેખોને આધારે એમ માનવું પડે છે કે આ બર્બરક કોઈ અનાર્ય જાતિનો બળવાન સરદાર હોવો જોઈએ.

આ બર્બરક ગમે તે હોય, પરંતુ એટલું તો ચોક્કસ છે કે સિધ્ધરાજે તેના પર વિજય મેળવ્યો ત્યારથી લોકો તેને દૈવી સિધ્ધિઓવાળો માનવા લાગ્યા. ભાવિ પ્રજા આ બર્બરકને “બાબરા ભૂત” તરીકે ઓળખે છે અને જયસિંહે તેને હરાવીને લોકોનું રક્ષણ કર્યું ત્યારથી જ સિધ્ધચક્રવર્તીનું બિરૂદ ધારણ કર્યું હતું.

❖ **સિધ્ધરાજ અને મદનવર્મા**

સિધ્ધરાજની સભામાં આવેલા કોઈ પરદેશીએ વખાણ કરતાં મદનવર્માની સભા સાથે સિધ્ધરાજની સભાને સરખાવી. આથી મદનવર્મા વિષે માહિતી મેળવતાં સિધ્ધરાજને જાણવા મળ્યું કે તે બહુ મોટો દાની, ભોગી અને ધર્મશીલ છે. તપાસ કરાવતાં આ રાજાની સમૃદ્ધિ અને ભવ્યતાથી ચકિત થયેલા સિધ્ધરાજે તેના પ્રદેશ તરફ કૂચ કરી. રાજા મદનવર્માને જ્યારે ખબર પડી કે ગુર્જરનરેશ ચઢાઈ કરવા આવ્યો છે ત્યારે તેણે શાંતિપૂર્વક હસીને મંત્રીઓને કહ્યું કે, આ તો પેલો જ સિધ્ધરાજ કે જે બાર વર્ષ સુધી ધારાનગરી પાસે પડી રહ્યો હતો. એને કહો કે જો તમારે અમારા નગર કે ભૂમિની જરૂર હશે તો લડવું પડશે, પણ જો ધનનો લોભી હોય, તો એ માંગે તેટલું આપી દેવું. આવો સંદેશો મેળવીને સિધ્ધરાજને ઘણું આશ્ચર્ય થયું અને તેણે ૯૬ કરોડ સ્વર્ણમુદ્રાઓ માંગી, જે તેને આપવામાં આવી. સિધ્ધરાજે મદનવર્માને મળવાની માંગણી કરી જે સ્વીકારવામાં આવી અને મદનવર્માએ પોતાનો અદભુત ભોગવિલાસ દેખાડી સિધ્ધરાજને ચકિત કરી દીધો.

❖ **સિધ્ધરાજનું પરમર્દી મર્દનઃ**

તલવાડાના લેખમાં સિધ્ધરાજને પરમર્દીનું મર્દન કરનાર કહ્યો છે. આ પરમર્દી કોણ ? આ પરમર્દી કલ્યાણ (દક્ષિણ)નો ચાલુક્ય રાજા વિક્રમાદિત્ય છઠ્ઠો હોવો જોઈએ કે જેનું બીજું નામ પરમર્દી હતું. કારણ કે તેના સેનાપતિએ ગુજરાત પર ચઢાઈ કરી હતી એવો ઉલ્લેખ મળે છે. આમ છતાં સિધ્ધરાજનો આ વિજય વિક્રમાદિત્ય છઠ્ઠાના કરતાં એના પૌત્ર જગદેવમલ્લના સમયમાં મેળવ્યો હોવાનો વધુ સંભવ છે.

એ નિર્વિવાદ હકીકત છે કે સિધ્ધરાજના પરાક્રમોએ અણહિલવાડ પાટણના નાનકડા રાજ્યને એક સામ્રાજ્યમાં પલટાવી દીધું. તેના સામ્રાજ્યની સીમાઓ તપાસીએ તો પશ્ચિમમાં સૌરાષ્ટ્ર અને કચ્છ પર સિધ્ધરાજની સીધી સત્તા સ્થપાઈ હતી.દક્ષિણમાં ખંભાત, ભરૂચ અને લાટના વિસ્તારો પણ તેની સત્તા નીચે હતા. વળી રાજસ્થાનના કેટલાક ભાગો પર પણ તેની સત્તા હતી. આ પરથી આપણે નિઃશંક કહી શકીએ કે સિધ્ધરાજના સામ્રાજ્યમાં હાલના ગુજરાત, રાજસ્થાન તથા માળવાના ઘણાખરા વિભાગોનો સમાવેશ થતો હતો.

❖ **સિધ્ધરાજની સાંસ્કૃતિક સિદ્ધિઓઃ**

સિધ્ધરાજે વિદ્યા તથા કલાના ક્ષેત્રે ગણનાપાત્ર પ્રદાન કર્યું. શ્રી રત્નમણિરાવ જોટે લખે છે તે પ્રમાણે ‘ગુજરાતે મૂળરાજ સોલંકીના સમયથી સાંસ્કૃતિક ઐક્યનો પ્રારંભ કર્યો, જેને સિધ્ધરાજે દૃઢ બનાવ્યો.’

સિધ્ધરાજ શિવભક્ત હતો. તેણે પગપાળા સોમનાથની યાત્ર કરી, શિવની પૂજા કરી હતી. પોતાની માતા મીનળદેવીની આજ્ઞાથી સોમનાથના યાત્રાળુઓ પાસેથી લેવાતો કર રદ કર્યો. સરસ્વતી નદીના કિનારે (સિધ્ધપુર) રૂદ્રમહાલય બંધાવ્યો. પાટનગર અણહિલવાડ પાટણમાં સહસ્ત્રલિંગ નામે ભવ્ય જળાશય બનાવ્યું તેના કાંઠે એક હજાર આઠ શિવાલયો બંધાવ્યા અને એકસો આઠ દેવી મંદિરો બંધાવ્યા. વિષ્ણુનું દશા અવતારનું મંદિર પણ બંધાવ્યું.

❖ **અન્ય ધર્મ પ્રત્યે સમભાવઃ**

તેણે જૈનધર્મને પ્રોત્સાહન આપ્યું હતું. સિધ્ધપુરમાં મહાવીર સ્વામીનું જૈન દેરાસર પણ બંધાવ્યું હતું. હેમચંદ્રચાર્યના ઉપદેશથી તેણે જૈન પર્વમાં પશુવધની મનાઈ ફરમાવી હતી. તેના સમયમાં દરેક ધર્મને સમાન ન્યાય મળે તેવી વ્યવસ્થાની ગોઠવણી કરી હતી.

ખંભાતમાં પારસીઓ અને હિંદુઓએ ભેગા થઈ મુસ્લિમોની મસ્જિદો સળગાવી હતી અને આ બનાવમાં ૪૦ મુસ્લિમો માર્યા ગયા હતા તેમાં અલી નામનો મુસ્લિમ બચી ગયો હતો. તેણે પાટણ જઈ સિધ્ધરાજ સમક્ષ આ બનાવની સર્વ હકીકત રજૂ કરી. સર્વ ધર્મ સમભાવની ભાવના વાળો સિધ્ધરાજે જાતે છૂપાવેશે તપાસ કરી તેને અન્યાય થતાં મુસ્લિમોનો ન્યાય કર્યો. પારસીઓ અને બ્રાહ્મણોને આ ગુના બદલ શિક્ષા કરી. આ કિસ્સો સિધ્ધરાજની ન્યાયપ્રિયતાનો સચોટ દ્રષ્ટાંત છે.

❖ **સાહિત્યઃ**

સિધ્ધરાજના રાજ્ય અમલમાં ગુજરાતની સંસ્કૃતિને જાળવી રાખે તેવાં વિદ્વાન આચાર્યો અને સાહિત્યકારો થઈ ગયા છે. તેના સમયના સાહિત્યકારોમાં જૈનસૂરી હેમચંદ્રાચાર્ય અગ્રીમ સ્થાન ધરાવતા હતા. સિધ્ધરાજે હેમચંદ્રાચાર્યને ‘સિધ્ધહેમ વ્યાકરણ’ નામનો નવો વ્યાકરણ ગ્રંથ લખવાની પ્રેરણા આપી. ગ્રંથ તૈયાર થયે બહુમાન કર્યું. હેમચંન્દ્રાચાર્યે ‘દ્રયાશ્રય’ ઉપરાંત અભિધાન ચિંતામણિ, કાવ્યાનું શાસન, છંદાનુશાસન દેશીનામમાલા વગેરે કૃતિઓ રચી શ્રીપાલ એ સિધ્ધરાજનો દરબારનો મુખ્ય કવિ હતો. તેને ‘શહસ્ત્રલિંગ પ્રશસ્તિ’ ‘વડનગર પ્રશસ્તિ’ લખી. કવિ જયમંગલાચાર્યે ‘કવિ શિક્ષા’ નામે ગ્રંથ લખ્યો. રામચંદ્ર, વાગ્ભટ, વર્ધમાનસૂરી, સાગરચંદ્રસૂરી ઈત્યાદિ વિદ્વાનો અને કવિઓને રાજાએ પ્રોત્સાહન આપ્યું હતું.

સિધ્ધરાજ અનેક રીતે સુખી હતો, પરંતુ એને પુત્રની ખોટ હતી. એણે અનેક દેવોની આરાધના કરી, પરંતુ એ છેવટ સુધી અપુત્ર રહ્યો. સિધ્ધરાજ 49 વર્ષનું લાંબુ રાજ્ય ભોગવી વિ.સં.1099 (ઈ.સ.1143)માં મૃત્યુ પામ્યો.

ટૂંકમાં આપણે એટલું તો અવશ્ય કહી શકીએ કે સિધ્ધરાજ જયસિંહ ગુજરાતના સોલંકી વંશનો મહાસમર્થ રાજવી હતો. કેટલાક તો તેને વિષ્ણુનો અવતાર પણ માનતા હતા. તેણે પરાક્રમથી ગુજરાતની સીમાઓમાં વૃદ્ધિ કરી અને વિશાળ સામ્રાજ્ય સર્જ્યું. પરિણામે એક પ્રકારની એકતાની ભાવના ઉદભવી અને ગુજરાતની અસ્મિતા સર્જાઈ.

## સંદર્ભગ્રંથો


1. પરીખ રસિલાલ છોટાલાલ, ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ, ગ્રંથ-4, સોલંકીકોલ. શેઠ ભોળાભાઈ જેસિંગભાઈ અધ્યયન – સંશોધન વિભાગ, અમદાવાદ.
2. શ્રી શાસ્ત્રીદુર્ગાશંકર, ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. 29.
3. હરિપ્રસાદ ગંગાશંકર શાસ્ત્રી, ગુજરાતનો પ્રાચીન ઈતિહાસ, પૃ. 194.
4. ધારૈયા આર. કે. ગુજરાતનો ઈતિહાસ, સી જમનાદાસ કંપની, અમદાવાદ, પૃ. 126 થી 127.
5. રાસમાળા, આવૃત્તિ, 3, પૃ. 150.
6. ડૉ. પરીખ નરેશ જે., ગુજરાતનો ઈતિહાસ, ગર્ગ પબ્લિકેશન, અમદાવાદ.